પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૭ | ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨, બુધવાર; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# દેશમાં ચાર દિવસમાં કોરોનાના ૭ લાખથી વધુ કેસ આવવાની દહેશત

**૨૩મી જાન્યુઆરીએ કોરોના પીક પર હશે : તો શું દેશ માટે આગામી ચાર દિવસ ભારે બનશે ? : અત્યાર સુધીમાં કુલ ૩૫૨૩૭૪૬૧ લોકો ચેપ મુક્ત થયા છે અને કોવિડ-૧૯થી મૃત્યુદર ૧.૩૦ ટકા છે, જ્યારે સાજા થવાનો રાષ્ટ્રીય દર ૯૪.૨૭ % છે**

નવી દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના વાયરસના કેસમાં ઘટાડાની સાથે ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, શું સંક્રમણની ગતિ ધીમી થઈ રહી છે. આવી સ્થિતિમાં એક સવાલ એ પણ સામે આવી રહ્યો છે કે, નિષ્ણાતો જાન્યુઆરીના અંતમાં કોરોના ચરમસીમાએ પહોંચવાની વાત કરી રહ્યા હતા, શું તેમના અનુમાન ખોટા હતા? જો નવા અંદાજો પર વિશ્વાસ કરવામાં આવે તો ભારતમાં કોવિડ-૧૯ની પિક હવે ૨૩ જાન્યુઆરીએ આવી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ દરમિયાન દેશમાં ૭ લાખથી વધુ કેસ આવવાની સંભાવના છે. ભારતમાં કોવિડ-૧૯ના એક દિવસમાં ૨,૫૮,૦૮૯ નવા કેસ નોંધાયા બાદ દેશમાં સંક્રમિતોની સંખ્યા



વધીને ૩,૭૩,૮૦,૨૫૩ થઈ ગઈ છે. ચેપના કુલ કેસોમાં કોરોના વાયરસના ઓમિક્રોન સ્વરૂપના ૮,૨૦૯ કેસ પણ સામેલ છે. સોમવારે સવારે ૮ વાગ્યે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા અપડેટ ડેટા અનુસાર, દેશના ૨૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ઓમિક્રોન કોરોનાનો છેલ્લો વેરિયન્ટ નથી : નિષ્ણાતો

**ઓમિક્રોનના લીધે કોરોનામાં વિશ્વભરમાં ઊછાળો : સંક્રમણ જે ઝડપથી વધી રહ્યું છે તેની અસર ઓમિક્રોન પર થશે, તેમાં વધારે મ્યુટેશન થવાના સંકેત : નિષ્ણાતો**

બોસ્ટન, તા.૧૮

દુનિયાભરમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કારણે કોરોનાના કેસમાં ભારે ઉછાળો આવ્યો છે ત્યારે જાણકારોનુ કહેવુ છે કે, ઓમિક્રોન એ કોરોનાનો છેલ્લો વેરિએન્ટ નથી. બોસ્ટન યુનિવર્સિટીના એપેડમિક એક્સપર્ટ લિયોનાર્ડો માર્ટિનેસને ટાંકીને એક અખબારના અહેવાલમાં કહેવાયુ છે કે, સંક્રમણ જે ઝડપથી વધી રહ્યુ છે તેની અસર ઓમિક્રોન પર થશે.તેમાં વધારે મ્યુટેશન થશે.તે પોતાની અંદર ઘણા બદલાવ કરશે અને તેનાથી નવો વેરિએન્ટ બનવાની શક્યતા છે.જે વધારે ખતરનાક સાબિત થઈ શકે છે.રિસર્ચમાં પણ સાબિત થયુ છે કે, અગાઉના ડેલ્ટા વેરિએન્ટ કરતા ઓમિક્રોન ચાર ગણો વધારે સંક્રમણ ફેલાવવાની ક્ષમતા ધરાવે છે. લિયોનાર્ડોનુ કહેવુ છે કે, ઓમિક્રોનથી એવા લોકો પણ સંક્રમિત થઈ રહ્યા છે જેમણે રસીના બે ડોઝ લીધા છે.જો સંક્રમણ સતત ફેલાતુ રહ્યુ તો નવા વેરિએન્ટ પેદા થશે. ઓમિક્રોનનો પતો લગાવનાર ડો.એજલિક કોએત્ઝીએ એક અંગ્રેજી અખબાર સાથે વાતચીતમાં




કહ્યુ હતુ કે, જો ડેલ્ટા અને ઓમિક્રોન પોતાનુ સ્વરુપ જાતે બદલશે તો સ્થિતિ બિહામણી હશે.બીજી ચિંતાની વાત એ છે કે, આ મહામારીમાં દર્દીઓને એન્ટી બાયોટિકસ અપાઈ રહી છે.જેનાથી ભવિષ્યમાં બેક્ટેરિયા પર તેની કોઈ અસર ના થવાનુ જોખમ પણ રહે છે.

# રાજ્યોને કોરોના ટેસ્ટ વધારવા કેન્દ્રની સુચના

**કેન્દ્ર સરકારે એડવાઈઝરી બહાર પાડી : વિસ્તાર પ્રમાણે પોઝિટિવિટી ટ્રેન્ડને જોતા ટેસ્ટિંગની સંખ્યા રણનીતિક રીતે વધારવાની કેન્દ્ર સરકારની સલાહ**

નવી દિલ્હી , તા.૧૮

સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશને તત્કાલ કોરોના વાયરસના ટેસ્ટની સંખ્યા વધારવાનું કહ્યું છે. પોતાની એડવાઈઝરીમાં મંત્રાલયે કહ્યું છે કે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો પોતાના વિસ્તાર પ્રમાણે પોઝિટિવિટી ટ્રેન્ડને જોતા ટેસ્ટિંગની સંખ્યા રણનીતિક રીતે વધારવી જોઈએ. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે કોરોનાના ઓમિક્રોન વેરિએન્ટને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને વેરિએન્ટ ઓફ કન્સર્ન ગણાવ્યો છે અને તે હાલ દેશમાં ફેલાય રહ્યો છે. કહેવામાં આવ્યું છે કે કોરોના મહામારી સામે લડવામાં ટેસ્ટિંગ મહત્વનું છે. પરંતુ આઈસીએમઆર પોર્ટલ પર હાજર ડેટા દર્શાવે છે કે ઘણા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ટેસ્ટિંગની સંખ્યામાં ઘટાડો આવ્યો છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે જે લોકોમાં કોરોનાના લક્ષણ છે, તેનો ટેસ્ટ કરવો જોઈએ. આ સિવાય રિસ્ક વાળા લોકો જે કોરોના સંક્રમિતના સંપર્કમાં આવ્યા છે તેનો પણ ટેસ્ટ કરવો જોઈએ. મંત્રાલયે પહેલાના પત્રો અને પાછલા વર્ષે ૨૭ ડિસેમ્બરે ઓમિક્રોન વેરિએન્ટના સંદર્ભમાં મહામારી મેનેજમેન્ટની વ્યાપક રૂપરેખા તૈયાર કરવાની ગૃહ મંત્રાલયની સલાહનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે કોરોનાની ટેસ્ટિંગ એક મહત્વપૂર્ણ વિષય છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨,૩૮,૦૧૮ કેસ નોંધાયા છે જે ગઈ કાલ કરતા ૨૦,૦૭૧ કેસ ઓછા છે. હાલ દેશમાં ૧૭,૩૬,૬૨૮ દર્દીઓ સારવાર હેઠળ છે. દેશમાં કોરોનાથી ૩૧૦ દર્દીઓના એક દિવસમાં મૃત્યુ થયા છે. દેશમાં હાલ પોઝિટિવિટી રેટમાં પણ ઘટાડો થયો છે. જે ઘટીને ૧૪.૪૩% થયો છે.

# નામ લખાવો અને ૩૦૦ યુનિટ વીજળી મફત મેળવો : સપા



લખનૌ, તા.૧૮

યુપીની ચૂંટણી પહેલા સમાજવાદી પાર્ટીએ ૩૦૦ યુનિટ મફત વીજળી આપવાનુ અભિયાન શરુ કરી દીધુ છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યુ હતુ કે, જે લોકો પાસે વીજ જોડાણ છે અને જે લોકો જોડાણ લેવા માંગે છે તે આ અભિયાનનો હિસ્સો બને તેવી અપીલ છે. આ માટે સમાજવાદી પાર્ટી દ્વારા અપાનારા ફોર્મમાં નામ લખાવવાનુ રહેશે. હાલમાં વીજ બિલ પર જે નામ આવે છે તે જ લખવાનુ રહેશે. અખિલેશે કહ્યુ હતુ કે, સરકાર છેલ્લા ચારેક મહિનાથી લોકોને વીજળી બિલ મોકલી રહી નથી.કારણકે આ બિલની રકમ વધારે છે. સરકારને ખબર છે કે, જો બિલ આપવામાં આવશે તો લોકો ભડકી ઉઠશે અને ભાજપના ઉમેદવારોની ડિપોઝિટ ડુલ થઈ જશે. આ ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની ૪૦૦ બેઠકો આવશે. તમામ પાર્ટીઓ અમારી સાથે છે અને કોઈ પણ રીતે અમે ૪૦૦થી ઓછી સીટ જીતીએ તેવુ લાગતું નથી.

# આગામી બજેટમાં સેક્શન ૮૦સી હેઠળ ડિડક્શન લિમિટ વધવાના સંકેત

**૨૦૧૪-૧૫માં ૮૦સી હેઠળની મુક્તિ મર્યાદા વધારીને રૂ. ૧.૫ લાખ કરવામાં આવ્યા બાદ છેલ્લા સાત વર્ષથી આ લિમિટ વધી નથી**

નવી દિલ્હી, તા.૧૮

ભારતીય કરદાતાઓ ઈક્મ ટેક્સ બચાવવા માટે સેક્શન ૮૦સીનો સારો એવો ઉપયોગ કરે છે. પરંતુ મોંઘવારી વધવાની સાથે આ સેક્શન હેઠળ મળતા ડિડક્શન લાભો બહુ નાના જણાય છે. આ વખતના બજેટ ૨૦૨૨માં સેક્શન ૮૦સી હેઠળ ડિડક્શન લિમિટ વધે તેવી શક્યતા છે. એફવાય૨૦૧૩-૧૪ સુધી આવકવેરા ધારાના સેક્શન ૮૦સી હેઠળ વધુમાં વધુ એક લાખ રૂપિયાના ડિડક્શનનો લાભ મળતો હતો. ત્યાર પછી એફવાય૨૦૧૪-૧૫માં તે વધારીને રૂ. ૧.૫ લાખ કરવામાં આવ્યો. છેલ્લા સાત વર્ષથી આ લિમિટ વધી નથી.

બીજી તરફ લોકોનો પગાર વધ્યો છે અને ઘણા ખર્ચ પણ વધ્યા છે. તેથી સેક્શન ૮૦સી હેઠળ ડિડક્શન મર્યાદા વધવી જોઈએ તેવી માંગણી છે. દર વર્ષે કરદાતાઓ સેક્શન ૮૦સી હેઠળના લાભો વધારવા માંગણી કરતા હોય છે. ટેક્સ નિષ્ણાતો જણાવે છે કે કોવિડના કારણે વધેલા ખર્ચ અને ફુગાવાને ધ્યાનમાં રાખીને બડેટ ૨૦૨૨માં સેક્શન ૮૦સી હેઠળ ઓછામાં ઓછા રૂ. ૨.૫ લાખના ડિડક્શનનો લાભ મળવો જોઈએ. તેનાથી કરદાતા પર ટેક્સ બોજ ઘટવાની સાથે સરકારને પણ ફાયદો થશે. સેક્શન ૮૦સીનો લાભ માત્ર વ્યક્તિગત કરદાતા અને હિંદુ વિભક્ત કુટુંબ (એચયુએફ)ને મળે છે. રોકાણકારે ટેક્સ બચાવતા વિવિધ સાધનોમાં રોકાણ કરીને રૂ. ૧.૫ લાખ સુધીના રોકાણ માટે ટેક્સ ડિડક્શન ક્લેમ કરી શકે છે.

# પંજાબમાં આપ પાર્ટીએ ભગવંત માનને સીએમના ઉમેદવાર જાહેર કર્યા

ચંદિગઢ, તા.૧૮

દિલ્હીની જેમ જળહળતી સફળતા હાંસલ કરવા માટે પંજાબમાં આમ આદમી પાર્ટી દ્વારા જોર લગાવવામાં આવી રહ્યું છે. પંજાબમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ભગવંત માનની પસંદગી કરવામાં આવી છે. પાર્ટીએ પંજાબમાં આમ આદમી પાર્ટીના સીએમ કોણ હશે, તેને લઈને લોકોના મંતવ્યો મગાવ્યા હતા. આ મંતવ્યોના આધારે ૨૨ લાખ લોકો કરતા વધારે લોકોએ



પોતાના ફિડબેક મોકલ્યા હતા, જેમાં પહેલી પસંદ ભગવંત માનને ગણાવવામાં આવ્યા હતા. પંજાબમાં પ્રેસ કોન્ફરન્સ કરીને આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભગવંત માનનું નામ લીધું તો જોરશોરથી ઢોલ-નગારા વાગવા લાગ્યા હતા. ભગવંત માનું નામ આવતા તેમના ઘણાં સમર્થકો ભાવુક થઈ ગયા હતા.

# દિલ્હીમાં પ્રજાસત્તાક દિને હુમલાની દહેશતથી સુરક્ષા એજન્સી એલર્ટ

**દિલ્હીમાં ઊડી શકે તેવી વસ્તુઓ પર પ્રતિબંધ : ૨૭ દિવસ સુધી દિલ્હીમાં ડ્રોન, પેરા ગ્લાઈડિંગ, પેરા મોટર્સ, હેન્ડ ગ્લાઈડર, માનવ રહિત એરક્રાફ્ટ ઉડાવવા પર પ્રતિબંધ**

નવી દિલ્હી, તા.૧૮

રિપબ્લિક ડે નિમિત્તે દિલ્હીમાં આતંકીઓ હવાઈ હુમલો કરી શકે છે તેવી બાતમી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. દિલ્હી પોલીસે આ બાબતને ધ્યાનમાં રાખીને ડ્રોન સહિતની કોઈ પણ ઉડી શકે તેવી વસ્તુઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. આગામી ૨૭ દિવસ સુધી દિલ્હીમાં કોઈ પણ પ્રકારના ડ્રોન, પેરા ગ્લાઈડિંગ, પેરા મોટર્સ, હેન્ડ ગ્લાઈડર અને માનવ રહિત એરક્રાફ્ટ ઉડાવવા પર પ્રતિબંધ રહેશે.

આ આદેશનુ પાલન કરાવવા માટે તમામ પોલીસ અધિકારીઓને આદેશ અપાયો છે. બીજી તરફ દિલ્હી પોલીસે ૩૬ વર્ષના એક કુખ્યાત હથિયાર તસ્કરને પકડવામાં પણ સફળતા મેળવી છે. આ વ્યક્તિ પાસેથી ૧૩ અત્યાધુનિક પિસ્ટલ અને ૩૮ કારતૂસો ભરેલી એક બેગ પણ પકડાઈ છે. પ્રતિબંધિત ઉડી શકે તેવી વસ્તુઓ ઉડાડવા પર સખ્ત અને દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે એમ દિલ્હી પોલીસના સૂત્રોએ જણાવ્યું છે.

AGS
Transact Technologies Ltd.

ONE OF INDIA'S LARGEST INTEGRATED OMNI-CHANNEL PAYMENT SOLUTIONS PROVIDER*

OFFERING SERVICES ACROSS THE DIGITAL AND CASH VALUE CHAIN




221,066^ Merchant PoS Terminals | 72,000^ Total installed base of ATMs & Cash Recycler Machines (CRMs) | 1.09 bn Switching Transactions (for FY 21) | 446,000^ Customer Touch Points | 205,718 mn Total Gross Transaction Value in FY 21

OUR KEY OFFERINGS

DIGITAL PAYMENT | ATM OUTSOURCING | CASH MANAGEMENT | BANKING AUTOMATION SOLUTIONS

*In terms of providing digital and cash-based solutions to banks and corporate clients as of March 31, 2021. Source: Ken Research
^Data (approximate figures) is as of August 31, 2021

**AGS TRANSACT TECHNOLOGIES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus dated January 11, 2022 (the "Red Herring Prospectus") with the Registrar of Companies, Maharashtra at Mumbai (the "RoC") on January 11, 2022. The Red Herring Prospectus shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. ICICI Securities Limited, HDFC Bank Limited and JM Financial Limited at www.icicisecurities.com, www.hdfcbank.com and www.jmfl.com, respectively. Potential Investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the Red Herring Prospectus read together with the addendum to the Red Herring Prospectus - Notice to Investors dated January 13, 2022 (together, the **"RHP"**), including the section titled *"Risk Factors"* on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP filed with the SEBI in making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**), or any state law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold, outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; There will be no offering of the Equity Shares in the United States.

www.agsindia.com

Adfactors 519